શિક્ષિત બનો                    સંગઠિત બનો                    સંઘર્ષ કરો

**દિલ્હી-ગાંધીનગરમાં, અમારી સરકાર**
**અમારા ગામમાં, અમે જ સરકાર**

**આદિવાસી જાગે**
**સ્વશાસન લાવે**

# ભૂરીયા સમિતીના કાયદા દ્વારા મળેલા આર્થિક અધિકારો

આપણા આદિવાસી સમાજની વર્ષો જૂની સ્વશાસનવાળી જીવન પ્રણાલીને વેગ મળે તે હેતુથી આ કાયદાએ આપણી પરંપરાઓ સચવાય અને જળવાય તે ઉપરાંત વ્યક્તિગત વિકાસથી લઈને સામૂહિક વિકાસની ગતી કરવા માટે આર્થિક અધિકારો પણ આપ્યા છે. **''ગામનો વિકાસ ગામના લોકો દ્વારા''**, **''આપણા ગામમાં આપણુ રાજ''**નુ સુત્ર ખરા અર્થમાં હવે આપણે ગુંજતું કરી શકીશું. વ્યકિતગત, સામૂહિક તેમજ ગામના વિકાસની પ્રક્રિયાને આગળ ધપાવવા જે અધિકારો આપણને મળ્યા છે તે જાણીએ અને સમજીએ.

- **શું તમે ગામના વિકાસ માટે સરકારી સહાય અને યોજના સિવાય બીજી નાંણાકીય વ્યવસ્થા ઉભી કરવા માગો છો ?**
- **શુ તમે આર્થિક શોષણમાંથી મુકત થવા માગો છો ?**
- **શું તમે શોષણમુકત સમાજની રચના ઈચ્છો છો ?**
- **શું તમે સાહુકારોના ત્રાસથી બચવા માગો છો ?**
- **શુ તમે જંગલ સાચવીને, જાળવીને ગામનો વિકાસ કરવા માગો છો ?**
- **શુ તમે વૈશ્વીકરણના દુષણોથી બચવા માગો છો ?**

**સસ્તા અનાજની દુકાનમાં જો થશે ભ્રષ્ટાચાર,**
**ગ્રામસભામાં સહુ મળી કરશે તેને પડકાર.**

તો ચાલો, આપણે જોઈએ ભૂરીયા સમિતીના કાયદા દ્વારા મળેલા **આર્થિક અધિકારો** ગ્રામસભા દ્વારા કેવી રીતે મેળવાય.

૧. સામૂહીક સાધનો ઉપર ગ્રામસભાનો અધિકાર.

૨. ગૌચરની જમીનો, ગામના હદમાં આવતા જંગલોમાંથી મળતી ગૌણવન પેદાશ, ગામની અંદર આવેલી નદીની રેતી તેમજ પથ્થરની લીજના નાંણા, ગામની અંદરથી મળી આવતી ખનીજ સંપતિ જેવા તમામ સામૂહિક સંશાધનો ઉપર ગ્રામસભા નાણા મેળવીને ગામના વિકાસ માટે ગામની પંચાયતમાં જમા કરાવશે.

**• વિકલ્પ •**

સંપર્ક સ્થળ : ટી-૧, સુયોગ-૧, વેજલપુર બસ સ્ટેન્ડ પાસે, વેજલપુર, અમદાવાદ-૩૮૦૦૫૧, e-mail: vikalpahd@gmail.com

**શિક્ષિત બનો　　　　　　　　　　સંગઠિત બનો　　　　　　　　　　સંઘર્ષ કરો**

**દિલ્હી-ગાંધીનગરમાં**

# ધમાલ-ધમાલ

**કરે સૌને પાયમાલ**

**ગ્રામસભામાં**

# કમાલ-કમાલ

**કરે ગામને માલા-માલ**

## મને કેમ ના સમજાય ?

એ.પી.એલ. ને બી.પી.એલ.ની આ ગરબડ
કારણ, ભ્રષ્ટાચાર કરે
તલાટી, ગ્રામસેવક કે સરપંચ
પણ, હવે ગ્રામસભામાં
સર્વસંમતિથી જ થશે એનો વહીવટ
કરીશું ભ્રષ્ટાચારીઓને દંડ,
સાથે મળી લાવીશું ગરીબોનું રાજ

૩. ગામની અંદર ગરીબી રેખા હેઠળ જીવતા કુંટુબોને ઓળખવા અને તેમની યાદી બનાવવાનો અધિકાર (બી.પી.એલની યાદી તેમજ સરકારી યોજનાઓના લાભાર્થીઓ નક્કી કરવા) ગ્રામસભાને જ છે. તેથી હવે પછી ગામની અંદર વસતા ગરીબ લોકો પોતાનો આર્થિક વિકાસ ગ્રામસભા દ્વારા કરી શકશે.

૪. આપણા આદિવાસી સમાજની પરંપરામાં રહેલી તકરાર નિવારણની (ન્યાયપંચ)ની પદ્ધતિ દ્વારા ગામના ઝઘડાનો ગામમાં નીકાલ થશે. ગામનું ન્યાયપંચ કસુરવારોને દંડ કરશે. તે દંડના નાણા ગામપંચાયતમાં જમાં થશે. ઉપરાંત ગામના ઝઘડાનો ગામમાં નિકાલ થવાથી કોર્ટની અને વકીલોની ફીના બિનજરૂરી ખર્ચામાંથી બચી શકાશે.

૫. ગામમાં ભરાતા હટવાડા કે બજાર ઉપર ગ્રામસભા કર વસૂલ કરશે અને તેના નાણા ગામપંચાયતમાં જમાં કરાવશે જેનાથી ગામના વિકાસના કામો થઈ શકશે.

બી.પી.એલ.માં
તું કે હું,
નક્કી કરીશું
આપણે સહું.

ગ્રામસભા
જ્યારે જ્યારે,
એક એક પૈસાનો હીસાબ
ત્યારે ત્યારે.

**ગ્રામસભામાં ચર્ચા થશે વિકાસની**
**સર્વસંમતિથી થશે સૌ કામો નક્કી**
**સમજી લેજો સૌ ગ્રામજનો અહીં**
**પછી જ થશે અંગુઠો કે સહી**

મારા વ્હાલા, જરા સમજો ગ્રામસભામાં ગામના વિકાસને લગતા બધા જ નિર્ણયો કરવાની સત્તા માત્ર આપણી છે માટે તે સત્તાનો ઉપયોગ કરીએ અને ગામની સાથે સાથે આપણો વિકાસ કરીએ.

**• વિકલ્પ •**

સંપર્ક સ્થળ : ટી-૧, સુયોગ-૧, વેજલપુર બસ સ્ટેન્ડ પાસે, વેજલપુર, અમદાવાદ-૩૮૦૦૫૧, e-mail: vikalpahd@gmail.com